ખૂબ જ અગત્યનું/સમય મર્યાદિત

ફક્ત સુરત શહેરની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે જ

# જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી

## જિલ્લા સેવા સદન, જૂની કોર્ટ બિલ્ડિંગમાં, બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત.

ફોન : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નં. જિનાનિ/વિ.જા./જાતિ પ્રમાણપત્ર/૨૦૨૫-૨૬/ ૨૦૪૨ થી ૨૦૪૭ તારીખ : ૧૧/૦૮/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી તમામ,
સુરત શહેર જિ.સુરત.

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં સુરત શહેરની તમામ શાળાઓમાં ધોરણ ૯, ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવા બાબત.

આથી સુરત શહેરની ગુજરાત બોર્ડ અને સેન્ટ્રલ બોર્ડની તમામ શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે શાળા મારફત જાતિ પ્રમાણપત્ર માટે

૧. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૨૦/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ પ્રમાણે ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માં ધોરણ ૯,૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) ના વિદ્યાર્થીઓ ધોરણ ૯,૧૦ અને ૧૨ ના બોર્ડના પરિણામની સાથે જ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ધ્વારા શિક્ષણ વિભાગ અને મહેસૂલ વિભાગ સાથે પરામર્શ કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સામેલ યાદી મુજબની ૧૪૬ જાતિઓ માટે જાતિ પ્રમાણપત્ર આપી દેવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

૨. ગત વર્ષે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓ માટે જાતિ પ્રમાણપત્ર આપવાની કામગીરી તમામ શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ અને બિન શૈક્ષણિક કર્મચારીઓના સહકારથી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આમ ધોરણ ૯,૧૦ અને ૧૨ના વિધાર્થીઓને વર્ષ-૨૦૨૪-૨૫ માં જાતિ પ્રમાણપત્ર આપી દેવામાં આવેલ છે. સરકારશ્રીનો આ યોજના પાછળનો આશય એ જ છે કે વિદ્યાર્થીના પિતા/વાલીએ કે વિદ્યાર્થીએ જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે એક કચેરીથી બીજી કચેરીએ ધક્કા ખાવા ન પડે અને વહીવટી તંત્ર ઉપર બોજ ન પડે. તેમજ પ્રમાણપત્રની જરૂરીયાતના સમયે પ્રમાણપત્ર મેળવવા ધક્કા ખાવા ન પડે.

૩. અત્રેની કચેરીના પરિપત્રથી જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી સબંધિત શાળાઓને પહોંચાડવાની કામગીરી આયોજન મુજબ સમયમર્યાદામાં તા.૦૬/૦૯/૨૦૨૫ સુધીમા પુરી કરવા તથા તે કક્ષાએ કરવામા આવેલ કામગીરી અંગેની માહિતી સમયાંતરે સરકારશ્રીમા રજૂ કરવાની હોઇ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા સુરત શહેરની તમામ શાળાઓના આચાર્યશ્રીઓને ખાસ તાકીદ કરવામાં આવે છે.

દરખાસ્તો તૈયાર કરતી વખતે નીચેની સૂચના ખાસ ધ્યાને લેવા વિનંતી
(સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) બક્ષીપંચ

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

૧૩૧૮ 1318

➪ અરજી પત્રક બાબતે:-

૧. નિયત અરજી પત્રક પરિશિષ્ટ-૧ વિદ્યાર્થી / તેના પિતા / વાલી પાસે તૈયાર કરાવવાનું છે. શક્ય છે કે ઘણા વાલીઓ આ અરજી પત્રક ભરવા સક્ષમ નહિ પણ હોય, આવા સંજોગોમાં શાળાના આચાર્યશ્રીઓને ખાસ વિનંતી છે કે તેમની શાળાના શિક્ષકો આ અરજી પત્રકો તૈયાર કરાવવામાં વિદ્યાર્થી / વાલીને માર્ગદર્શક બની રહે અને અરજી પત્રક ભરવામાં મદદરૂપ થાય એવી અપેક્ષા સેવવામાં આવે છે. શિક્ષકગણ પોતાના વિદ્યાર્થીઓનું હિત સારી રીતે સમજી શકે છે એટલા માટે જ આ કામગીરીમાં તેમનું માર્ગદર્શન અને મદદગારી બંને જરૂરી છે.

૨. અરજી પત્રકમાં તમામ કોલમો ભરવામાં આવે તેમાં પાનાં નં.-૨ ઉપર બાહેંધરીની નીચે અરજદાર એટલે કે વિદ્યાર્થીઓની પૂરી સહી થાય અને તેના પિતા / માતા / વાલીની સહી થાય તેમજ સ્થળ અને તારીખ દર્શાવવી જરૂરી છે.

૩. અરજી પત્રક સાથે વિદ્યાર્થી જે શાળામાં ભણતો હોય તે શાળાએ બોનાફાઇડ સર્ટી મુજબ જ વિદ્યાર્થીનું પૂરું નામ, જન્મ તારીખ, જન્મ સ્થળ, જનરલ રજીસ્ટર નંબર અને જનરલ રજીસ્ટર મુજબ જાતિ અને ધર્મ દર્શાવવાનો છે. તેમાં નીચે આચાર્યશ્રીના સહી અને સિક્કા તેમજ ઇસ્યુ કર્યા તારીખ હોવી જરૂરી છે.

૪. વિદ્યાર્થીઓના જાતિ અંગેના આધાર ઉપરાંત તેના પિતાના શાળા છોડયાના પ્રમાણપત્રમાં જાતિ સ્પષ્ટ થતી હોય તેવા શાળા છોડ્યાના પ્રમાણપત્ર અથવા જાતિ પુરવાર થતી હોય તેવા PROBATIVE VALUE ધરાવતા શાળાના આચાર્યાશ્રીએ પ્રમાણિત કરેલ આધારો/પુરાવાઓની નકલ રજૂ કરવાની છે. જો પિતાના પ્રમાણપત્રમાં જાતિ સ્પષ્ટ લખાયેલ ન હોય તો કાકા, દાદા, ફોઇ પૈકી કોઈપણ એકના ૦૧/૦૪/૧૯૭૮ પહેલાના જાતિ સ્પષ્ટ લખેલ હોય તેવા શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ અથવા તેમની જાતિ સ્પષ્ટ થતી હોય તેવા તા. ૦૧/૦૪/૧૯૭૮ પહેલાના જન્મ ધરાવતા દસ્તાવેજી પુરાવા રજૂ કરવાના રહેશે.

૫.અરજીપત્રક સાથે વિદ્યાર્થીના પિતા/દાદા સુરત જિલ્લામાં વસવાટ કરે છે તે અંગેના આધાર-પુરાવા રૂપે રેશનકાર્ડ/લાઇટબીલ/વેરાબીલ/ટેલિફોન બિલ(પિતા અથવા દાદાના નામનું) પૈકી કોઈપણ એકની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. (અરજીમાં દર્શાવેલ સરનામા મુજબ).

૬. અન્ય રાજયમાથી સ્થળાંતરીત ઉમેદવારના કિસ્સામાં તેમના પિતા/દાદા તા. ૦૧/૦૪/૧૯૭૮ કે તે પહેલાથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ કરતાં હોય તે અંગેના સરકારી રેકર્ડ આધારિત તા. ૦૧/૦૪/૧૯૭૮ પહેલાના કાયમી વસવાટના રેવન્યુ રેકર્ડ આધારિત પુરાવા રજૂ કરવાના રહેશે. અરજી પત્રક (પરિશિષ્ટ-૧) ના ક્રમ નં.-૭ માં તેમના વસવાટનું મૂળ રાજ્ય તેમજ ગુજરાતમાં કેટલા વખતથી વસવાટ કરે છે. તેની વિગતો રજૂ કરવાની રહે છે. વિદ્યાર્થીનો જન્મ સુરતમાં થવાથી તેઓ મૂળ ગુજરાતનાં વતની બની જતાં નથી. તે જ રીતે અરજી પત્રકના ક્રમ નંબર ૬ માં અરજદારના પિતાનું જન્મ સ્થળ અને મૂળ વતન અવશ્ય દર્શાવવું.

૭. આ તમામ વિગતો અરજી પત્રક સાથે જોડાયેલી હોવી જરૂરી છે. અને તે પૈકી ઝેરોક્ષ નકલો શાળાના આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત થયેલી હોવી જરૂરી છે. અરજી પત્રકમાં ઉપર જમણી બાજુએ ફોટાની જગ્યા રાખેલ છે. ત્યાં વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝ નો તાજેતરનો પડાવેલ ફોટો લગાવવાનો છે અને તે ફોટો શાળાના આચાર્યશ્રીની સહી/સિક્કાથી પ્રમાણિત કરવાનો છે આ ફોટાની બીજી કોપી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રમાં લગાવવાનો હોવાથી એક ફોટો સ્ટેપ્લરથી ફોર્મ ઉપર લગાવવો આ બાબતે ખાસ કાળજી લેવી કે અરજી પત્રક ઉપર અને પ્રમાણપત્ર ઉપર એક સરખા જ ફોટા હોય.

૮. સુરત શહેરની તમામ શાળાઓની કમ્પ્યુટરાઇઝડ વિદ્યાર્થીઓની માહિતીની યાદી તમામ વિગતો સાથે દરખાસ્ત ફાઇલ સાથે આપવાની રહેશે.

૯. વિદ્યાર્થીના બોનોફાઇડમાં અને પિતા/વાલીના રજૂ કરેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં અટક અલગ અલગ હોય ત્યારે બંને અટક અમો ધારણ કરીએ છીએ તેવું વિગતવાર ગેઝેટ ફરજિયાત લેવું. જો ગેઝેટ ના હોય તો જ સોંગદનામુ ફરજિયાત લેવું.

૧૦. વિદ્યાર્થીના બોનોફાઇડમાં અને પિતા/વાલીના રજૂ કરેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં પિતા/વાલીનું નામ અલગ અલગ હોય ત્યારે નામફેર અંગેનું સરકારી ગેઝેટની નકલ મેળવવી ફરજિયાત છે.

૧૧. તમામ અરજી ફોર્મ ફાઈલમાં દરખાસ્તના ક્રમાનુસાર ગોઠવીને વ્યવસ્થિત ફાઈલ કરી ફાઈલ પર શાળાનું નામ, તૈયાર કરનાર કર્મચારીનું નામ અને મોબાઈલ નંબર દર્શાવવાનો રહેશે.

૧૨. ધોરણ-૧૨ સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓની ફાઈલ અલગ જ આપવાની રહેશે.

૧૩. વિદ્યાર્થીઓના જાતિ પ્રમાણપત્રની દરખાસ્ત આ સાથે સામેલ કેમ્પમાં દર્શાવેલ તારીખ અને સમયે જે તે સ્થળે જમાં કરાવવાની રહેશે. જો દરખાસ્ત ના હોય તો નીલ માહિતી આપવાની છે અને જો અનિવાર્ય કારણસર કેમ્પમાં ફાઈલ જમા ન થઈ શકે તો તે પછીની તારીખના કેમ્પમાં ફાઈલ જમા કરાવવાની રહેશે.

<u>જાતિ પ્રમાણપત્ર દરખાસ્ત ફાઈલ બાબતે.</u>

આ રીતે તૈયાર કરેલ દરખાસ્તો મુજબ સા.શૈ.પ.વ (બક્ષીપંચ) જાતિની દરખાસ્તમાં દર્શાવેલ વિદ્યાર્થીના ક્રમાનુસાર ગોઠવીને વ્યવસ્થિત રીતે ફાઈલિંગ કરીને ફાઈલ આ કામગીરીના જાણકાર કર્મચારી સાથે **કેમ્પના સ્થળે જે તે શાળાએ શાળા વિકાસ સંકુલ (S.V.S)માં સામેલ પત્રકમાં નિયત નક્કી કરેલ તારીખે દરખાસ્ત ફાઈલ** રૂબરૂમાં રજૂ કરવાની રહેશે.અનિવાર્ય સંજોગોના કારણે દરખાસ્ત ફાઈલ કેમ્પમાં રજુ ન કરી શકે તો તા.૧૧/૦૯/૨૦૨૫ સુધીમાં અત્રેની કચેરીએ રજુ કરવાની રહેશે. જે શાળામાં બક્ષીપંચ અંગેનું જાતિ પ્રમાણપત્ર મેળવવા પાત્ર એકપણ વિદ્યાર્થી ન હોય તે શાળાઓએ તાત્કાલીક **નીલ-રિપોર્ટ** આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. તેમજ સદર પત્રના બિડાણમાં આપેલ પ્રમાણપત્ર આચાર્યશ્રીના સહી / સિક્કા સાથે રજુ કરવાનું રેહેશે.

વધુમાં આપની શાળા અંતર્ગત સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત વર્ગોનો કોઇ પણ વિદ્યાર્થી જાતિ પ્રમાણપત્રના લાભથી વંચિત ન રહે તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

બિડાણ : ૧. સા.શૈ.પ.વ. જાતિની યાદી

૨. સા.શૈ.પ.વ. જાતિના પ્રમાણપત્ર મેળવવા માટેનું ફોર્મ

૩. વિર્દ્યાર્થીની સંખ્યા દર્શાવતું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર

(ભગીરથસિંહ પરમાર)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

(આર.ડી.બલદાણીયા)
જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) સુરત

નકલ સવિનય રવાના :

૧. મે.નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારું

૨. મે.કલેક્ટરશ્રી સુરત તરફ જાણ સારું

૩. મે.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ સુરત શહેરની તમામ શાળાઓને સૂચના આપવા સારું તેમજ વેબસાઈટ પર મૂકવા સારું

૪. આચાર્યશ્રી, તમામ સુરત શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારું અને શાળાના નોટિસ બોર્ડ પર મૂકવા સારું.

૫.આદેશ ફાઈલે

**જાતિ પ્રમાણપત્ર અંગેની દરખાસ્ત મેળવવા અંગેનું ટાઇમ ટેબલ**

| ક્રમ | કેમ્પ સ્થળ | કેમ્પની તારીખ | સમય |
|---|---|---|---|
| ૦૧ | એલ.એમ.બી.દાળીયા હાઇસ્કુલ,ગુજરાત ગેસ કંપની સામે,અડાજણ(એસ.વી.એસ.-૧) | ૨૫/૦૮/૨૦૨૫ | ૧૦:૩૦થી કામગીરી પૂર્ણ થતા સુધી |
| ૦૨ | ગુરુકુળ કુમાર વિદ્યાપીઠ કાસાનગર, કતારગામ (એસ.વી.એસ.-૨) | ૨૬/૦૮/૨૦૨૫ | ૧૦:૩૦થી કામગીરી પૂર્ણ થતા સુધી |
| ૦૩ | ટી એન્ડ ટી.વી.હાઇસ્કૂલ,નાનપુરા,અઠવાલાઇન્સ (એસ.વી.એસ.-૩) | ૨૮/૦૮/૨૦૨૫ | ૧૦:૩૦થી કામગીરી પૂર્ણ થતા સુધી |
| ૦૪ | ગુરૂકૃપા વિધાસંકુલ, ઉધના (એસ.વી.એસ.-૪) | ૨૯/૦૮/૨૦૨૫ | ૧૦:૩૦થી કામગીરી પૂર્ણ થતા સુધી |
| ૦૫ | કે.એન્ડ એમ.પી.હાઇસ્કૂલ, અમરોલી (એસ.વી.એસ.-૫) | ૩૦/૦૮/૨૦૨૫ | ૧૦:૩૦થી કામગીરી પૂર્ણ થતા સુધી |
| ૦૬ | એમ.એન.જે.હાઇસ્કૂલ, વરાછા (એસ.વી.એસ.-૬) | ૦૧/૦૯/૨૦૨૫ | ૧૦:૩૦થી કામગીરી પૂર્ણ થતા સુધી |
| ૦૭ | એલ.પી.ડી હાઇસ્કૂલ,પુણાગામ (એસ.વી.એસ.-૭) | ૦૨/૦૯/૨૦૨૫ | ૧૦:૩૦થી કામગીરી પૂર્ણ થતા સુધી |
| ૦૮ | મહર્ષી આસ્તિક હાઇસ્કૂલ,ગોડાદરા (એસ.વી.એસ.-૮) | ૦૩/૦૯/૨૦૨૫ | ૧૦:૩૦થી કામગીરી પૂર્ણ થતા સુધી |
| ૦૯ | સી.બી.ભંડારી હાઇસ્કૂલ, મગદલ્લા, ચોર્યાસી (એસ.વી.એસ.-૯) | ૦૪/૦૯/૨૦૨૫ | ૧૦:૩૦થી કામગીરી પૂર્ણ થતા સુધી |

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) સુરત

# ગુજરાત રાજયે જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદી

૧. આગ્રી
૨. આહીર,આયર–બોરીયા
૨અ. યાદવ
૩. બાફણ(મુસ્લીમ)
૪. બારોટ,વહીવંચા,ચારણ–ગઢવી
૫.
૬. બાવરી અથવા બાઓરી
૭. બાવા,અતીતબાવા,ગોસ્વામી, વૈરાગી–બાવા ગોસાઈ,દશનામ ગોસ્વામી,રામાનંદી બાવા/ રામાનંદી,પુરી,ભારતી,કાપડી,નાથબાવા ભરથરી,માર્ગી, ગંગા જલીયા ,દશનામી બાવા , ગિરી
૮. ભાલીઆ.
૯. ભામટા, પરદેશી ભામટા
૧૦. ભરવાડ, મોટાભાઈ ભરવાડ, નાનાભાઈ ભરવાડ,
૧૦અ રબારી,બારીયા,મોટાભાઈ,ચોસલા, જનપદા (જયાં તેઓ આદિવાસી ન હોય )
૧૧. –
૧૨. ભોઈ, ભોઈરાજ, ઢીમર, ઝીગાભાઈ, કેવટ ,ભોઈ,મછિન્દ્રભોઈ, પાલેવારભોઈ, કિરાટભોઈ,કહારભોઈ,પરદેશીભોઈ શ્રીમાળભોઈ
૧૩. ચારણગઢવી
૧૩અ. ભાટ
૧૪. છીરા,આડોડીયા,સાંસી
૧૫. ચુનારા
૧૬. ચુવાળીયા કોળી
૧૭. ડબગર
૧૮. દિવેચા કોળી
૧૯. ડફેર (હિન્દુ અને મુસ્લિમ)
૨૦. ધોબી
૨૧. ફકીર મુસ્લીમ (મુસ્લિમ)
૨૨. ગધઈ (મુસ્લિમ)
૨૩. ગાડલીયા, ગાડી લુહારીયા
૨૩અ. લુહારીયા/લુવારીયા
૨૪. ગળિયારા (મુસ્લિમ)
૨૫. ઘાંચી (મુસ્લિમ)
૨૫અ. તેલી,મોઢ ઘાંચી
૨૬. ઘેડીયા કોળી
૨૭. ગોલા–રાણા
૨૮. હિંગોરા (હિન્દુ)
૨૮અ. હિંગોરા (મુસ્લિમ)
૨૯અ. જુલાયા,ગરાણા,તરીયા, અને તરી (મુસ્લિમ)
૨૯બ. તરીયા–તાઈ તરીયા (મુસ્લિમ) તરીન્તાઈ(મુસ્લિમ)
૩૦. જત (મુસ્લિમ)
૩૧. કેકોડી
૩૨. કાંબડીયા ભગત
૩૩. કાંગસીયા
૩૪. ખાટકી અથવા કસાઈ,ચામડીયા ખાટકી, હાલારી ખાટકી(બધા મુસ્લિમ)
૩૫. ખટીક
૩૬. ખાંટ
૩૭. ખારવા–ભાડેલા
૩૮. ખ્રિસ્તી, ગુજરાતી ક્રિશ્ચન,(ફકત અનુ. જાતિમાંથી ધર્મ પરિવર્તન કરનાર)
૩૯. કોળી,ઈડરીયા કોળી,ખારવા કોળી, રાઠવા કોળી,બારીયા કોળી, ઢેબરીયા કોળી
૩૯અ. કોળી મલહાર,કોળી મહાદેવ અથવા ડોંગર કોલી,(જયા આદિવાસી ન હોય)
૪૦. લબાના,મેહરાવત,ગોટી,હડકશી, ઝોક,ઢીગા,પૈલ્યા,શાતબે,બામણ
૪૧. લોધા
૪૨. મીર,ઢાઢી,મિરાસી,લંઘા (બધા મુસ્લિમ)
૪૩. માછી (હિન્દુ)ખારવા,ખલાસ,ઢીમર, ઢીવર,બીતના,ટંડેલ,માંગેલા,ખલાસી, સારંગ,કહાર
૪૪. મદારી,નાથ,ભરથરી
૪૫. માજોઠી,કુંભાર,દરબાર અથવા દરબાન માજોઠી (બધા મુસ્લિમ)
૪૬. મકરાણી (મુસ્લિમ)
૪૭. મતવા અથવા મતવા કુરેશી(મુસ્લિમ) ગવલી(હિન્દુ)
૪૮. મે.મેતા
૪૯. મેણા(ભીલ)
૫૦. મેર
૫૧. મિયાણા(મુસ્લિમ)
૫૧અ. મિઆણા,મિયાણા (હિન્દુ)
૫૨. મોચી (ગુ.રા.માં ડાંગ જિલ્લો અને વલસાડ) જિલ્લાના ઉમરગામ તાલુકાના વિસ્તાર સિવાયના )
૫૩. નટ,નટ બજાણીયા,બાજીગર,નટડા
૫૪. ઓડ
૫૫. પઢાર (હવે અનુ.જાતિમાં સમાવેશ કરાયેલ છે.)
૫૬. પદમશાલી–પટ્ટશાલી
૫૭. પિંજારા, ઘાંચી પિંજારા,મન્સુરી–પિંજારા (બધા મુસ્લિમ )
૫૭અ. મનસારી (મુસ્લિમ)
૫૮ રબારી,ભોપા,કોડીઆતર, સોરઠીયા રબારી,ચંપ્પા
૫૮અ. ચારલીયા,ચરમટા લૂણી,કુશાર,ટાંક, મુચ્છલ,કડીયાકુંભાર (જયાં તેઓ આદિવાસી ન હોય)
૫૯. રાઠોડીયા
૬૦. રાવળ,રાવળીયા,જતી અથવા રાવળયોગી, જાગરીયા
૬૦અ. પડાત,રાવલ,રાવલીયા
૬૧ સલાટ,(સોમપુરા સલાટ સિવાયના) સલાટઘેરા
૬૨ સંધી(મુસ્લિમ)
૬૨બ સંધી (હિન્દુ)
૬૩ સરાણીયા
૬૪ સરગરા
૬૫ શ્રવણ,સરવણ
૬૬ શિકલીગર
૬૭ સિદી
૬૮ સિપાઈ,પટણી જમાટ અથવા તુર્ક જમાત (બધા મુસ્લિમ)
૬૯ તળપદા કોળી/તરબદા કોળી
૭૦ તનકર
૭૧ તરગાળા,ભવૈયા,નાયક,ભોજક
૭૨ ઠાકરડા,ઠાકોર,પાટણવાડીયા,ધારાળા, બારૈયા
૭૨અ. પાલનવાડીયા
૭૩ ઠેબા(મુસ્લિમ)
૭૪ વાદી
૭૪અ જોગીવાદી
૭૫ હરીજન વણકર અને ચમારના વહીવંચા, ચારણ–ગઢવી
૭૬ વાળંદ,નાયી અને બાબર(હિન્દુ), હજામ, (હિન્દુ)ખલીફા (મુસ્લિમ)
૭૬અ વાલે હિન્દુ
૭૭ વણકર–સાધુ
૭૮ વાંસફોડા,વાંસફોડીયા અથવા વાંઝા

૭૮અ. વાંઝા (મૂળ સૌરાષ્ટ્રના વતની હોય)

૭૯ વણજારા, શિનાગવાલા અને કાંગસીવાલા (હિન્દુ) અને ફકત ડાંગ જિલ્લાના વણજારા મુસ્લિમ

૭૯અ. વણઝારા, ચારણ વણઝાર, મથુરા વણઝાર, મારૂ વણઝારા, ભગોરા, વણઝારા, કાંગરીયા, વણઝારા, બામણીયા વણઝારા, વાડોનીયા વણજારા, ગાવરીયા અથવા ગાવલીયા, રોહીદાસ વણઝારા

૮૦ વાઘરી, દાતણીયા વાઘરી, વેડુ વાઘરી, તળપદા વાઘરી, ગામચિયા વાઘરી, ગોદડીયા વાઘરી, ચીભડીયા વાઘરી, મારવાડા અથવામારવાડી વાઘરી

૮૦અ. વાઘરી ગમીચો, વેડવો, ચુરાલીયા, જખુડીયા (જયાં તેવો અનુ. સૂચિત જનજાતિ ન હોય)

૮૦બ. વેડવા વાઘરી/વેળવા વાઘરી

૮૧ વાઘેર (હિન્દુ અને મુસ્લિમ)

૮૨ વાંઢારા

૮૩ આરબ

૮૪ ભાંડ

૮૫ બુરુડ

૮૬ ચકવદયા દસાર

૮૭ ચૌધરી/હિન્દુ આંજણા ચૌધરી(જયાં તેવો આદિવાસી ન હોય) આંજણા, આંજણા પટેલ, આંજણા પાટીદાર, આંજણા દેસાઈ, આંજણા કણબી, ચૌધરી પટેલ, ચૌધરી પાટીદાર

૮૮ ચામઠા,

૮૯ ડકાલેરુ

૯૦ દેપાળા

૯૧ ઘંટીયા

૯૨ ઘાંચા

૯૩ ગલકન્દ્રા

૯૪ અ.નં. ૪૭ પર છે.

૯૫ હાટી

૯૬ જાચક

૯૭ કલહોડીયા

૯૮ કોટવાળ

૯૯ કુંભાર(બીયાર, કદરા પટેલ, લાઠીયા, પોટમેકરપ્રજાપતિ, વરીયા/વરીઆ સોરઠીયા કુંભાર, ગુર્જર કુંભાર, વાટલીયા કુંભાર, સોરઠીયા પ્રજાપતિ, ગુર્જર પ્રજાપતિ વાટલીયા પ્રજાપતિ, ગુજ્જર ક્ષત્રિય કડીયા, કડીયા કુંભાર, ક્ષત્રિય કુંભાર, કડીયા.

૧૦૦ ખરક

૧૦૧ ખવાસ

૧૦૨ કારડીયા, નાકોદા, ભાથી રાજપુત, કારડીયા રાજપુત/નાડોદ રાજપુત

૧૦૩ ખસીયા

૧૦૪ મિસ્ત્રી, ગુજરમિસ્ત્રી રાઠોડ, મિસ્ત્રી સુથાર, સુથાર, સુતાર, સુથાર ગુર્જર, મિસ્ત્રી સુતાર, લુહાર, પંચાલ, કડીયા, સુથાર

૧૦૫ મુંડા

૧૦૬ માધવીયા

૧૦૭ માળી/માળી રામી, મારવાડી માળી

૧૦૮ મૈયા/મહીયા

૧૦૯ પાલવાડીયા

૧૧૦ પઢારીયા

૧૧૧ પખાલી

૧૧૨ સંઘેડા

૧૧૩ શીગદવ અથવા શીગડીયા

૧૧૪ સોચી

૧૧૫ સુમરા (મુસ્લિમ)

૧૧૬ સગર

૧૧૭ સથવારા, સતવારા, કડીયા–સથવારા, કડીયા, સતવારા, દલવાડી અથવા કડીયા

૧૧૮ ઠાકુર (બિન રાજપુત)

૧૧૯ ટીમાલી

૧૨૦ તરક (મુસ્લિમ)

૧૨૧ વજીર

૧૨૨ કાઠી

૧૨૩ લખારા, લખવારા, લક્ષકાર

૧૨૪ કલાલ(મુસ્લિમ)

૧૨૫ જાગરી

૧૨૬ જોગી

૧૨૭ ભવૈયા(મુસ્લિમ)

૧૨૮ નિઝામા(હિન્દુ)

૧૨૯ ગડરીયા

૧૩૦ કમાલિયા–પુજારા

૧૩૧ ગારી

૧૩૨ સોરઠી

૧૩૩ કામળી

૧૩૪ તંબોળી

૧૩૫ ગરવી

૧૩૬ ગુરવ

૧૩૭ કલાલ (હિન્દુ)

૧૩૮ સંઘાર (હિન્દુ)

૧૩૯ નગારચી

૧૪૦ કાયસ્થ

૧૪૧ ગાંધર્વ(હિન્દુ)

૧૪૨ દરજી

૧૪૩ ભંડારી

૧૪૪ રાજગોર

૧૪૫ કુરૂહીન શેટ્ટી

૧૪૬ હજુરી (રાજપુત)

### સા.શૈ.પ.વ. ની ૧૨ અતિ પછાત જાતિ

૧.ડફેર ૨. મે,મેતા ૩.મેણા ૪.કાંગસીયા ૫.મદારી ૬.ગાડલીયા ૭.બાવરી ૮.વાંસફોડા ૯.વણઝારા ૧૦.ફકીર ૧૧.વાદી ૧૨.નટ

### સા.શૈ.પ.વ. ની વિચરતિ જાતિ

૧.બજાણિઆ, ૨.ભાડ ૩.નાથ ૪.વાદી ૫.વાંસફોડા ૬.બાવા-વૈરાગી ૭.ભવૈયા ૮.મારવાડા-વાઘરી ૯.ઓડ ૧૦.રાવળીઆ ૧૧.સીકલીગર ૧૨.સરાણિયા ૧૩.વણઝારા ૧૪.જોગી ૧૫..ભોપા ૧૬.ગાડલિયા, ૧૭.કાગસિયા ૧૮.ધાંટિયા ૧૯.ચામઠા ૨૦.ચાર-ગઢવી ફકત વડોદરાના ૨૧.સલાટ-ઘેરા

### સા.શૈ.પ.વ. ની વિમુક્ત જાતિ

૧.બાફણ ૨.છારા ૩.ડફેર ૪.ફિંગોરા ૫.મે ૬.મિયાણા ૭.સંઘિ(મુસ્લીમ) ૮.ઠેબા(મુસ્લીમ) ૯.વાઘેર ૧૦.વાઘરી ૧૧.ચુવાળીયા કોળી ૧૨. કોળી (માત્ર કચ્છ જિલ્લાના)

(પ્રેસ વિભાગ-વ.મ.જેલ-૨૪૫)-૧૦-૨૦૨૩,૫૦૦૦ફોર્મ – સ્કોલર શીપ ફોર્મ-સુરત-૧-૨

<u>સરકાર શ્રી ના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા ૨૭-૦૪-૧૦ ના ઠરાવ ક્રમાંક :સશપ/૧૧૦૯/૧૬૬૩અ.નુ</u>

## પરિશિષ્ટ - ૧

## ગુજરાત રાજ્ય

## સામાજિક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગો માટે જાતિ પ્રમાણપત્ર મેળવવા અંગેનુ અરજી ફોર્મ

ફોટો

પ્રતિ,

જિલ્લા નાયબ નિયામકશ્રી,

વિકસતી જાતિની કચેરી,

નાનપુરા, સુરત.

સરકારશ્રીએ જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગ પૈકી________________જાતિમાં મારો સમાવેશ થાય છે . મારે રાજ્ય સરકારે જાહેર કરેલ અનામત નીતિનો તેમજ મળવાપાત્ર અન્ય સહાય/લાભ મેળવવા માટે જાતિ પ્રમાણપત્ર ની જરુર છે .મારી વિગતો નિચે મુજબ છે.

૧. અરજદારનુ પુરુ નામ:________________________________

સરનામુ:________________________________

________________________________

________________________________મોબાઇલ નબર :________________

૨. અરજદારના પિતા/વાલીનુ પુરુ નામ :________________________________

૩. અરજદારના માતાનુ પુરુ નામ:________________________________

૪. અરજદારની જાતિ/પેટા જાતિ :________________,________________

૫. અરજદારનુ વતન ગામ:________________ તાલુકો :________________

જિલ્લો:________________ રાજ્ય :________________

૬. અરજદારના પિતાનુ જન્મ સ્થળ:________________ મુળ વતનનુ ગામ:________________

તાલુકો:________________ જિલ્લો:________________ રાજ્ય:________________

૭. બહારના રાજ્યનાં હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો

(મુળ વતનનુ રાજ્ય અને ગુજરાતમા કેટલા વર્ષ થી વસવાટ છે.)

મુળ વતનનુ રાજ્ય :________________ જિલ્લો:________________ તાલુકો:________________

ગામ:________________ ગુજરાત રાજ્યમાં ________________ વર્ષ થી વસવાટ કરુ છુ.

૮. અરજદાર ના પિતા ની જાતી અંગેની માહિતી :________________________________

૯. જાતિ પ્રમાંણપત્ર મેળવવાનો હેતુ :________________________________

૧૦. જાતિ પ્રસ્થાપિત કરવા સમર્થન માટે રજુ કરેલા અધાર/પુરાતા,દસ્તાવેજ વગેરેની પ્રમાણીત નકલોની વિગત :

(પાછળ જુઓ)

૧ ________________________________________

૨ ________________________________________

૩ ________________________________________

૪ ________________________________________

૫ ________________________________________

## બાંહેધરી

મારી ઉપર મુજબની વિગતો સાચી છે.તેની હુ ખાતરી આપુ છુ.જે ધ્યાને લઇ મને સામાજિક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગનુ પ્રમાણપત્ર આપવા વિનંતી છે.અમોએ મેળવેલ જાતિ પ્રમાણપત્ર અધિકુત અધિકારી દ્વારા કોઇ પણ સમયે ચકાસણી કરવામા આવે અને ખોટૂ સાબિત થાય તો મારો પ્રવેશ/નિમણુંક કોઇ પણ જાતની જાણ કર્યો સિવાય અથવા નોટીસ અપ્યા સિવાય રદ થવા પાત્ર છે, અને ભારતીય ફોજદારી ધારા હેથળ ખોટૂ પ્રમાણપત્ર/વિગતો રજુ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

અરજદારની પુરી સહિ :-

સ્થળ :-..............................

(નામ)..............................................

પિતા/માતા/વાલીની પુરી સહિ:-

તારીખ:-..............................

(નામ)..............................................

જાતી પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાના થતા પુરાવા:-

૧. અરજદાર તેમજ તેમના પિતાનો આધારકાર્ડ/વોટીંગ કાર્ડ,પિતા હયાત ન હોય તેવા કિસ્સામાં પિતાના મરણનો દાખલો.
૨. અરજદારના પાસપોર્ટ સાઇઝના ૨ ફોટા (એક સરખા)
૩. જાતિ/પેટા જાતિ બતાવવામા આવી હોય તેવું અરજદારનુ શાળા છોડયાનુ અસલ પ્રમાણપત્ર અને ઝેરોક્ષ.
૪. જાતિ/પેટા જાતિ સ્પષ્ટ થતી હોય તેવુ અરજદારના પિતાનુ શાળા છોડયાનુ અસલ પ્રમાણપત્ર .
૫. અરજીમાં જણાવેલ જાતી, પેટા જાતી પ્રસ્થાપીત થઇ શકતી હોય તેવા આધારો જેમા અરજદારના તા.૧-૪-૧૯૭૮ પહેલાના કાકા,ફોઇ,દાદાના શાળા છોડયાનુ પ્રમાણપત્ર કે તે આધાર જેવા જ સાચા સહજ આધાર પુરાવાનુ મુલ્ય ધરાવતા કોય પણ દસ્તાવેજી આધાર અને અસલ લિવીંગ સર્ટીફીકેટ.
૬. જે તે જિલ્લા ના રહેવાસી હોવાના આધાર તરીકે રેસનકાર્ડ,ટેલીફોન બિલ,વેરા બિલ વગેરે કોઇપણ એક.
૭. મુળ ગુજરાત રાજ્ય ના રહેવાસી ન હોય તેવા અરજદારે ગુજરાત રાજ્યમા તા: ૧/૪/૧૯૭૮ પહેલાથી કાયમી વસવાટ ધરાવતા હોવાના દસ્તાવેજી પુરાવાઓ.
૮. જાતી પ્રસ્થાપિત થતી હોય તેવા દસ્તાવેજી પૂરાવા અથવા(Probative value) ધરાવતા અન્ય કોઇ પણ અધાર.
૯. જરૂરી હોય તેવુ એફિડેવીટ.
૧૦. સગા કાકા,દાદા,ફોઇ સિવાય પિતરાઇ કાકા,દાદા,ફોઇ ની LC પ્રમાણપત્ર રજુ કરો તેવા કિસ્સામાં પેઢીનામું ~~આપવાનુ રહેશે.~~

~~ખાસ નોંધ :- અરજદાર ને ફોટો સાથે પ્રમાણપત્ર આપવાનુ હોવાથી અરજદારે સ્વયં આપવાનુ રહેશે.~~

ફક્ત કચેરીના ઉપયોગ સારુ

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્રના અરજદાર નુ પુરુ નામ | : | |
| ૨ | જાતિ/પેટા જાતિ | : | |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોય તો નંબર/તારીખ | : | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટુંકમા કારણ તથા જવાબના પત્ર નંબર/તારીખ | : | |

સક્ષમ અધિકારીનુ પુરુ નામ અને હોદો

અધિકારીની સહી અને સિક્કો.

તૈયાર કરનાર કર્મચારીનું પુરુ નામ/પુરી સહી

પત્રક-૧

| શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં શાળા મારફત જાતિ પ્રમાણપત્રની સંખ્યા દર્શાવતું પ્રમાણપત્ર | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | શાળાનું નામ તથા મોબાઇલ નંબર | શાળાનો પ્રકાર સરકારી/અનુદાનીત/ખાનગી | ધોરણ મુજબ SEBC વિધાર્થીઓની સંખ્યા | | | તૈયાર કરેલ દરખાસ્ત મુજબ વિધાર્થીઓની સંખ્યા | | | બાકી વિધાર્થીઓ ની સંખ્યા | રિમાર્કસ |
| | | | ધોરણ-૯ | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ | ધોરણ-૯ | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

આચાર્યશ્રીનો સહી અને સિક્કો